


# ખુશામતખોરી લાગે સૌને પ્યારી

ખુશામતનો ખુદાને પ્યારી છે. આવી ઉક્તિ કોઇ ખુશામતિયાએ જ શોધી કાઢી હશે. પ્રશંસા અને ખુશામત વચ્ચે એક અત્યંત ઝીણી રેખા છે. પ્રશંસામાં કદરદાની છે. સચ્ચાઇ છે. ખુશામતમાં સ્વાર્થ છે. દંભ છે. વિવકશૂન્યતા છે અને અતિશયોકિત છે. મહાભારતમાં તો એટલે સુધી કહેવાયું છે કે કોઈ આપણા વખાણ કરે અને એ કાનથી પીવા પડે એ પણ એક પ્રકારનું પાપ છે. તમે કોઈને ખુશ રાખો પણ ખુશ રાખવા માટે ખુશામત ન કરો. ખુશામતમાં ભાષા બદલાય છે. મસકો મારવો આજના યુગમાં ચમચાગીરી કહેવાય છે. લોલમાં લોલ પુરાવનારાઓ, હા જી હા જી કહીને ઝુકનારાઓ, યશમેનનું આખું ટોળું હોય છે. પ્રેમની જેમ સ્વાર્થ પણ આંધળો અને બહેરો હોય છે. આપણે જાણીએ છીએ કે ગરજવાનને અક્કલ હોતી નથી. આપણી પ્રજાએ તો કહેવત પણ શોધી કાઢી છે કે ‘ગરજે ગધેડાને પણ બાપ કહેવો પડે’.

કડવું પણ સત્ય કોઈને ગમતું નથી પરંતુ ખોટી ખુશામતખોરી સહુને પ્યારી હોય છે.

એક ઉદાહરણ જોઈએ.

એક રાજા હતો. 25-30 ગામો એની પાસે હશે. બધી વાતે સુખી અને ઐયાશી તથા જલસા કરવામાં પણ શૂરો એટલે મનમાં ડરે પણ ખરો કે લોકોમાં એની કીર્તિ ઝંખવાઇ જશે એટલે એક દિવસ વિચાર કરતાં એણે નક્કી કર્યું કે ભલે હું ધર્મકર્મ ન કરું પરંતુ ધર્મની વાત કરું તો ચોક્કસ મારી પ્રતિષ્ઠા વધે.

બીજા દિવસથી રાજાએ ગામગામના વિદ્વાનો-બ્રાહ્મણો વગેરેને બોલાવીને રોજરોજ ધર્મચર્ચા રાજસભામાં શરૂ કરી. થોડા જ દિવસોમાં આ રાજાની કીર્તિ ધર્મરાજ તરીકે ચોતરફ ફેલાવા માંડી.

એક દિવસ પ્રભાશંકર શાસ્ત્રી નામના વિદ્વાન ધર્મચર્ચામાં ઉપસ્થિત ન રહી શક્યા. તેથી તેમનો યુવાન પુત્ર રાજાને પ્રસન્ન કરવા માટે આવ્યો પરંતુ આ શાસ્ત્રીપુત્ર નવો હતો. રાજાના મિજાજથી અજાણ હતો અને પોતાના જ્ઞાન પર મુસ્તાક હતો. ધર્મચર્ચામાં શાસ્ત્રીપુત્રે એક દુહો લલકાર્યો ‘તિલંભર માછલી ખાય કે કરે કોટિ ગૌદાન, કાશી કરવટ લે ચલે તો ભી નરક નિદાન.

થોડી પણ માછલી ખાવાથી નરકમાં જવાય એ વાતથી રાજા ચોંકી ગયા કારણ કે માછલી એમનું પ્રિય ભોજન હતું. ધર્મરાજ માટે આ વાત સાંભળવી અશક્ય થઈ પડી. તેઓ ક્રોધથી લાલચોળ થઈને બોલ્યા, ‘‘આજથી હું તારા બાપને નોકરીમાંથી છૂટો કરું છું.’’

ગભરાયેલા પુત્રે ઘેર જઈને પિતાને વાત કરી. પિતાએ દીકરાને સમજાવ્યું કે,‘‘આપણે તો નોકરી સાથે સંબંધ, રાજાનાં પાપ રાજા જાણે. એ કેમ ખુશ રહે એ જ આપણે જોવાનું.’’

બીજે દિવસે રાજસભામાં જઈને શાસ્ત્રીજીએ કહ્યું કે, ‘‘જય હો ધર્મરાજનો .. મારા દીકરાએ શાસ્ત્રાર્થ કરવામાં થાપ ખાધી છે. સાચો અર્થ હું તમને કહું છું. દુહાના અર્થ મુજબ તલ જેટલી જ માછલી ખાય તો નરકે જવું પડે પછી ચાહે તેટલો ધર્મ કરે, તમે તો રાજાજી થાળી ભરીને માછલીઓ ખાઓ છો, તેથી તમારે માટે તો સ્વર્ગમાં અપ્સરાઓ રાહ જોતી હશે. શાસ્ત્રીની ખુશામતભરી વાતથી રાજા ખુશ થઇ ગયા અને પાંચસો સોનામહોરો ભેટ આપી.



**ખુશામતખોરો જ્યારે તમારી ખુશામત કરે છે ત્યારે અત્યંત સૂક્ષ્મ રીતે અપમાન કરે છે કારણ કે એ જાણી જાય છે કે આ માણસ ખુશામતને વશ થાય એવો છે. તમારી નબળાઈનો પૂરેપૂરો લાભ ઉઠાવે છે. ખુશામતિયાના હોઠ પર મધ હોય છે અને હૃદયમાં ઝેર હોય છે**

જીવન સરગમ
બિન્દુબેન કચરા

ખુશામતથી તમે તમારા હિતમાં ધાર્યું કરાવી પણ શકો છો અને બીજાનું બગાડી પણ શકો છો. ઘાસની ગંજીમાં એક તણખો ઊડે એટલી જ વાર. મંથરાએ કૈકયીની કીકી એટલી હદે અવળી કરી નાંખી કે કૈકેયી જેવી રાણી મંથરબુદ્ધિની મંથરાના રૂપના વખાણ કરવા લાગી.

અંગત કારણસર ઈયાગોએ ઓથેલોના કાન એટલા ભંભેર્યા કે ઓથેલો ઈયાગોને વશ થઇ ગયો. રોજ ને રોજ જુદે જુદે સ્વરૂપે એકની એક વાત કરીને ખુશામતને એટલી હદે ઘટ્ટઘેરી કરી નાંખીએ છીએ કે સાંભળનારાને પછી કશું દેખાતું નથી.

તમારી પાસે સત્તા હોય, પૈસો હોય, પ્રતિષ્ઠા હોય તો લોકો પોતાની ગરજે તમારી આસપાસ ઘૂમ્યા કરશે. ફૂલ હોય ત્યાં ભમરો ભૂરો. વણ બોલાવ્યે આવે... રાજેન્દ્ર શાહની પંકિત જુદા સંદર્ભે પણ વાપરી શકાય એવી છે. ખુશામતિયાઓ જયારે સમજી જાય છે ત્યારે એ સાંભળનારના કાચા કાનનો પૂરેપૂરો લાભ લે છે. સુધા અને રાધા દેરાણી-જેઠાણી. ઘરમાં સાસુજી કાચા કાનના -દેરાણી સુધા પરણીને આવી, જોબ ચાલુ હતી એટલે દરરોજ થોડું ઘણું કામ કરીને જાય. જેઠાણી સાસુમાને લાડકી થવા માટે ખુશામત કર્યા જ કરે. ‘‘મમ્મીજી, હું છું તો ઘર સચવાય છે. સુધા તો ઘરમાં હોતી જ નથી. તમે એની આ નોકરી કેમ ચલાવી લો છો? કયાં તો જુદા કરી દો કયાં નોકરી છોડાવી દો.’’

રોજ રોજ ખુશામત કરીને થાક પણ લાગતો નથી. બહુ ઊંડે તપાસીને જોઈએ તો ખુશામતખોરો જયારે તમારી ખુશામત કરે છે ત્યારે અત્યંત સૂક્ષ્મ રીતે અપમાન કરે છે કારણ કે એ જાણી જાય છે કે આ માણસ ખુશામતને વશ થાય એવો છે. તમારી નબળાઈનો પૂરેપૂરો લાભ ઉઠાવે છે. ખુશામતિયાના હોઠ પર મધ હોય છે અને હૃદયમાં ઝેર હોય છે. આવા માણસથી બહુ ચેતવાનું છે. ખુશામતિયાને લાજશરમ નથી હોતી. કેટલાંક લોકો અરસપરસની જ ખુશામત કરે છે. સંસ્કૃતના એક જાણીતા શ્લોકનો ભાવાર્થ આપું છું. ઊંટને ઘેર લગ્ન હતા અને ગધેડાઓને ગાવા બોલાવ્યા, બંને જણે અરસપરસની પ્રશંસાની આતશબાજી ઉડાડી, ગધેડા ઊંટને કહે છે, શું તમારું રૂપ છે અને ઊંટ કહે શું તમારો કંઠ છે ગધેડાભાઇ.....!

તો વાચકમિત્રો! ખુશામત તો ખુદાને પણ પ્યારી છે. આપને તો ખુશામત પ્યારી નથી ને? ડાહ્યો માણસ કોઈ દિવસ પોતાની પ્રશંસાને ગંભીરતાથી લેતો નથી.

કેટલાક માણસો તાળીઓના ગડગડાટને કાનમાં અત્તરના પૂમડાંની જેમ સાચવી રાખે છે અને પોતાની જ મહેકથી તરબતર થઈને કસ્તુરી મૃગની જેમ પોતાની આસપાસ ભમ્યા કરે છે. કેટલાક માણસ કોઈની કીર્તિની રિફલેક્ટેડ ગ્લોરીમાં રાચે છે. પોતાનો ફોટો માધુરી-દીક્ષિત સાથે હોય કે કોઈ નેતા સાથે હોય કે કોઈ અન્ય સંત સાથે હોય એનું આલ્બમ બતાવ્યા કરે અને બહુ મોટી આદરણીય વ્યકિત છે એવી છાપ ઊભી કરી બધેથી માન ખાટે છે. આ બધી છે ખુશામતની કળા. તો મિત્રો, નક્કર કામ કરી બતાવો. ખુશામતથી દૂર રહો...

## સુવર્ણરજ

ખુશામતની બાબતમાં દલપતરામની
ચાર પંક્તિઓ માણીએ....
હાથીતણું બચ્ચું હોય, પણ જો રાજાએ તેને
કૂતરું કહ્યું તો પછી કૂતરું તે કૂતરું
બરફનો બેટ બની તરી આવે ઉદધિમાં
રાજા કહે રૂ તર્યું તો રૂ તર્યું તે રૂ તર્યું
- દલપતરામ